જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૦**

## ચોરીના આરોપીની અટકાયતની વિગત

### રામોલ પોલીસ સ્ટેશન :-

### મોબાઇલ ચોરીના આરોપીને કિ.રૂ.૭૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી બે-ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૫/૪૫ સુરેલીયા સર્કલ ખાતે આવતા સાથેના પો.કો યોગીરાજસિંહ પ્રધ્યુમનસિંહ તથા પો.કો યુવરાજસિંહ મહેંદ્રસિંહ નાઓએ પો.સ.ઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક ગ્રે કલરની એકટીવા નંબર જી.જે.૨૭. ડી.સી.૩૫૪૮ નો ચાલક તેના કબ્જામાં કેટલાક મોબાઇલ ફોન જે ચોરી અગર છળકપટથી મેળવેલ છે જે મો.ફોન વેચવા માટે વસ્ત્રાલ ચાર રસ્તા તરફથી આવી અત્રે થઇ અમરાઇવાડી તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે

આરોપી:- **<u>અનિલ @ રેડ્ડી સ/ઓ આનંદકુમાર શ્રીનિવાસન રેડ્ડી ઉ.વ.૨૨ રહે. મનં.૪૦ તીલ્લકનગર સુર્યમ ફ્લેટની સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર</u>** નાની પાસેથી **<u>ત્રણ મોબાઇલ ફોન કિ.રૂ. ૨૦,૦૦૦/-</u>** ના મળી આવેલ જે મોબાઇલ ફોનના બીલ કે માલીકીપણાના આધાર પુરાવા બાબતે કોઇ ફળદાયક હકીકત જણાવેલ ન હોય જે મો.ફોન કિ.રૂ.૨૦,૦૦૦/- તથા **એકટીવા કિ.રૂ. ૫૦,૦૦૦/-** મળી **<u>કુલ્લે રૂપિયા ૭૦,૦૦૦/- નો</u>** મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને **<u>તા.૧૨/૦૨/૨૦૨૦ ના કલાક ૧૬/૪૫ વાગે</u>** સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ.

અને મોબાઇલ ફોનના માલીક બાબતે તપાસ કરતા સતિષ અખીલેશભાઇ ત્રીપાઠી ઉ.વ.૨૮ રહે. મનં.૦૭ સદગુરૂ પાર્ક જામફળવાડી રામોલ અમદાવાદ શહેર નાઓની માલીકીના સેમસંગ કંપનીના બે મો.ફોન હોય જે ફરીયાદીના મકાનમાંથી ચારેક મહિના પહેલા ચોરી થયેલાનુ જણાવેલ હોય જે આધારે **<u>રામોલ પો.સ્ટેશન ગુ.ર.નં. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૧૪૮ એ ધી ઇપીકો કલમ ૩૮૦</u>** મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

તેમજ એક મો.ફોન કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ફોનમાં વાત કરવાનુ કહીને આરોપીએ ફરીયાદી પાસેથી લઇ લીધેલાની હકીકત જણાવેલ હોય જે બાબતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ધી લખાવવા તજવીજ કરવામાં આવેલ છે.



## " SHE TEAM " ની કામગીરીની વિગત

### વટવા પોલીસ સ્ટેશન :-

### સિનિયર સીટીઝન બહેન તથા ભાડુઆત સાથે સમાધાન કરાવતી વટવા SHE ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રીસેક્ટર-૨ સાહેબ ની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદ શહેર ના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના થી વટવા SHE ટીમ તા-૧૨/૦૨/૨૦૨૦ ના રોજ વટવા પો.સ્ટે હાજર હતા તે દરમ્યાન SHE ટીમના સ્ટાફને એક સિનિયર સીટીઝન બહેન આવી મળતા તેઓને શાંતીથી બેસાડી તેઓને શાંતીપૂર્વક સાંભળી તેઓએ જણાવેલ કે તેઓને તેમના ભાડુઆત સાથે મકાન ભાડા તથા પાણી બાબતે અવાર નવાર બોલાચાલી થાય છે જેથી વટવા SHE ટીમ ભાડુઆત મહિલાને બોલાવી શાંતીથી સમજાવી બન્ને વચ્ચે સમાધાન કરાવી સારી કામગીરી કરેલ



### શાહીબાગ પોલીસ સ્ટેશન

### શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHE TEAM દ્વારા રોમિયોગીરી કરતો ઇસમ ની ધરપકડ કરવામાં આવી

માનનીય પોલીસ કમિશનર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા અધિક પોલીસ કમિશનર સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન- ૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી એફ ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે SHE ટીમ દ્વારા આજરોજ તા.૧૩/૦૨/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગે શાહીબાગ અસારવા બાલ ભારતી વિધાલય ખાતે આવતી જતી છોકરીઓને ચેન ચાળા કરી જાહેરમા બિભત્સ ન છાજે તેવુ વર્તન કરતો ઇસમ શાહીબાગ પોલીસ સ્ટેશન SHE ટીમને મળેલ જેથી સદરી ઇસમ જીગર અરવિંદભાઇ છગનજી ઠાકોર ઉ.વ.૧૯ રહે: મ.નં ૪૦૬ મનુભાઇની ચાલી નીલકંઠ મહાદેવ અસારવા શાહીબાગ અમદાવાદ શહેર નાને પો.સ્ટે લાવી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે



**રાણીપ** કલાક ૧૦.૦૦થી૧૪.૦૦ વાગ્યે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાંધી આશ્રમ ખાતે ફૂટ પેટ્રોલિંગ કરી તથા લિસ્ટમાં બતાવેલ સિનિયર સિટીઝન નાઓની મુલાકાત કરી. ત્યારબાદ કલાક ૧૭.૦૦ થી ૨૦.૦૦ વાગ્યે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી તેમજ રાણીપ શાક માર્કેટ માં ફૂટ પેટ્રોલિંગ કરી તથા લિસ્ટમાં બતાવેલ સિનિયર સિટીઝની મુલાકાત કરી ત્યારબાદ અવાવરૂ જગ્યાએ પેટ્રોલિંગ કરેલ છે. **રીવરફ્રંટ** પોલીસ સ્ટેશન ની she ટીમ દ્વારા ચિલ્ડ્રન પાર્ક થી આંબેડકરબ્રિજ સુધી પેટ્રોલીંગ અને વોક વે માં બેઠેલ છોકરીઓ સાથે વાતચીત કરી અને ૧૦૦,૧૮૧,૧૦૯૧ નંબર ની માહિતી આપી. **કારંજ** પોલીસ સ્ટેશન "શી" ટીમ ની કામગીરી આજ રોજ કલાક 10/00 થી 14/00 સુધી એસ.વી કોલેજ, રીપબ્લીક સ્કુલ, પટવાશેરી, ત્રણ દરવાજા, પાનકોરનાકા સુધી ફુટ પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ. તથા કલાક 16/00 થી 20/00 સુધી ઘી કાંટા ચોકી થી ઘી કાંટા ચાર રસ્તા સુધી તથા રામદેવ પીર ચોક તથા પી ડબલ્યુ ડી ના અવાવરુ મકાન સુધી ફુટ પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ તથા એસ.વી કોલેજ માં અભ્યાસ કરવા આવતી યુવતી ઓને 181 તથા શી ટીમ વિશે માહિતી આપેલ. તા.12/02/2020







# પાસા હેઠળ અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## મિલકત સબંધિત તથા શરીર સબંધિત ગુના આચરતા આરોપીને પકડી પાસા હેઠળ મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલતી

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ નિપુણા તોરવણે સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ બિપિન અહીરે સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન આર.બી. રાણા સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં આરોપી વિરૂદ્ધ મિલકત સબંધિત ચોરી જેવા ગુના દાખલ થયેલ ગુનાઓ સબંધેની તથા શરીર સબંધિત પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય આવા મિલકત સબંધી તથા શરીર સબંધિત અસામાજીક પ્રવુતિ આચરતા આરોપી વાહીદઅલી ઉર્ફે બટકા યાસીનઅલી શેખ ઉ.વ.૨૧ રહે, ૭૧ સરતાજ રો હાઉસ અલહમદ મસ્જીદની ગલીમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર ની ગુનાહિત પ્રવુતિ સબબ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે નાઓની સુચના મુજબ સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પો.સ્ટે. માં દાખલ થયેલા ગુનાઓ જેમાં (૧) દાણીલીમડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૦/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૨૪,૩૨૩ વિગેરે તથા (૨) વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૬૮/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ) વિગેરે તથા (૩) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૨૪/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ) વિગેરે મુજબના ગુનાઓની માહિતી એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પો.કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલતા પીસીબી/ડીટીએન/પાસા/૧૭૩/૨૦૨૦ તા.૧૨/૦૨/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર અટકાયતી ને આજરોજ તારીખ.૧૨/૦૨/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ જે સરાહનીય કામગીરી કરેલ છે. તા.૧૨/૦૨/૨૦૨૦



## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૨.૨.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી મિલક્ત સબંધી, પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના દાણીલીમડા તેમજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને બેન્કોની સ્લીપ ભરવાનુ કહી વિશ્વાસમા લઈ પોતાની પાસે રહેલ કાગળની ગડડી વાળી પોટલી લોકોને આપી ફોન કરવાનુ કહી મો.ફોન તથા રોકડા લઈ જઈ લોકોની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે નીશારખાન ઈંદ્રાજ ખાન સુલતાનખાન મંસુરી રહેવાસી- બબલુ મંસુરીના મકાનમા કેનાલની બાજુમા વટવા અમદાવાદ શહેર મુળ વતન: ગામ- ગડી બોદરા તા.પોરસા જિ.મોરેના મધ્યપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | નીશારખાન ઈન્દ્રાજખાન સુલતાનખાન મંસુરી રહેવાસી- બબલુ મંસુરીના મકાનમા કેનાલની બાજુમા વટવા અમદાવાદ શહેર મુળ વતન: ગામ- ગડી બોદરા તા.પોરસા જિ.મોરેના મધ્યપ્રદેશ |

આ ઉપરાંત પ્રોહીબીશનના ની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમ મળી **કુલ્લે ૩ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત તથા વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.